**સુધારા ઠરાવ, વર્ષ ૨૦૨૧-૨૨**

નવી બાબત, રાજ્યના ખેડૂત દ્વારા ખરીદવામાં આવતાં સ્માર્ટફોન પર સહાય આપવાની યોજના

**ગુજરાત સરકાર,**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,**
**ઠરાવ ક્રમાંક :-બજટ/૧૦/૨૦૨૧/૧૧૨૩/ક-૫**
**સચિવાલય,ગાંધીનગર**
**તારીખ:૦૭/૦૨/૨૦૨૨**

**વંચાણે લીધા :**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ/૧૦/૨૦૨૧/૧૧૨૩/ક-૫, તા:૨૦/૧૧/૨૦૨૧

(૨) ખેતી નિયામકની કચેરીનો પત્ર ક્રમાંક :- ઈકોસ્ટેટ/આઈ.ટી./સ્માર્ટફોન/અમલીકરણ/૫૯૫/૨૦૨૨, તા.૧૨/૦૧/૨૦૨૨

**પ્રસ્તાવના :**

વર્ષ ૨૦૨૧-૨૨માં નવી બાબત તરીકે રાજ્યના ખેડૂત દ્વારા ખરીદવામાં આવતાં સ્માર્ટફોન પર સહાય આપવાની યોજનાને વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરની ખેતી નિયામકશ્રીની દરખાસ્ત અન્વયે યોજનાના ઠરાવના મુદ્દા નં.(૧) યોજનાની સહાય બાબતમાં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, રાજ્યના ખેડૂત દ્વારા ખરીદવામાં આવતાં સ્માર્ટફોન પર સહાય આપવાની યોજનાના ઠરાવના મુદ્દા નં.(૧) યોજનાની સહાય બાબતમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

| તા.૨૦/૧૧/૨૦૨૧ના ઠરાવની જોગવાઈ | સુધારો |
|---|---|
| **મુદ્દા નં. (૧) યોજનાની સહાય બાબત**<br>ખેડૂત દ્વારા ખરીદવામાં આવતા સ્માર્ટફોન પર સહાય આપવાની યોજના અન્વયે ખેડૂતને એક સ્માર્ટફોનની ખરીદી કર્યેથી રૂ.૧૫૦૦૦/- સુધીની કિંમત પર સહાય મળવાપાત્ર રહેશે. જેમાં ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૧૦% સહાય અથવા રૂ.૧૫૦૦/- બે માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર રહેશે. દા.ત. કોઈ ખેડૂત રૂ.૮૦૦૦/- ની કિંમતનો સ્માર્ટફોન ખરીદ કરે તો ખરીદ કિંમતનાં ૧૦% મુજબના રૂ.૮૦૦/- અથવા રૂ.૧૫૦૦/- બે માંથી ઓછુ હોય તે એટલે કે રૂ.૮૦૦/- સહાય મળવાપાત્ર થાય અને જો કોઈ ખેડૂત રૂ.૧૬૦૦૦/- ની કિંમતનો સ્માર્ટફોન ખરીદ કરે તો ખરીદ કિંમતના ૧૦% લેખે રૂ.૧૬૦૦/- અથવા રૂ.૧૫૦૦/- બે માંથી જે ઓછુ હોય તે એટલે કે રૂ.૧૫૦૦/- સહાય મળવાપાત્ર થાય. | **મુદ્દા નં. (૧) યોજનાની સહાય બાબત**<br>ખેડૂત દ્વારા ખરીદવામાં આવતા સ્માર્ટફોન પર સહાય આપવાની યોજના અન્વયે ખેડૂતને એક સ્માર્ટફોનની ખરીદી કર્યેથી રૂ.૧૫૦૦૦/- સુધીની કિંમત પર સહાય મળવાપાત્ર રહેશે. જેમાં ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦% સહાય અથવા રૂ.૬૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર રહેશે. દા.ત. કોઈ ખેડૂત રૂ.૮૦૦૦/- ની કિંમતનો સ્માર્ટફોન ખરીદ કરે તો ખરીદ કિંમતનાં ૪૦% મુજબના રૂ.૩૨૦૦/- અથવા રૂ.૬૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે એટલે કે રૂ.૩૨૦૦/- સહાય મળવાપાત્ર થાય અને જો કોઈ ખેડૂત રૂ.૧૬૦૦૦/- ની કિંમતનો સ્માર્ટફોન ખરીદ કરે તો ખરીદ કિંમતના ૪૦% લેખે રૂ.૬૪૦૦/- અથવા રૂ.૬૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તે એટલે કે રૂ.૬૦૦૦/- સહાય મળવાપાત્ર થાય. |

www.sarkariyojanaguj.com

| | |
|---|---|
| આ સહાય ફક્ત સ્માર્ટફોનની ખરીદી માટે જ રહેશે, સ્માર્ટફોન માટેની અન્ય એસેસરીઝ જેવી કે બેટરીબેક અપ ડીવાઇઝ, ઇયર ફોન, ચાર્જર જેવા સાધનોનો સમાવેશ થઇ શકશે નહીં. | આ સહાય ફક્ત સ્માર્ટફોનની ખરીદી માટે જ રહેશે, સ્માર્ટફોન માટેની અન્ય એસેસરીઝ જેવી કે બેટરીબેક અપ ડીવાઇઝ, ઇયર ફોન, ચાર્જર જેવા સાધનોનો સમાવેશ થઇ શકશે નહીં. |

ઉપર મુજબનો સુધારો ૨૫૦૦૦ અરજીઓની મર્યાદામાં લાગુ પાડવાનો રહેશે.

૨. આ યોજનાની અમલીકરણ અંગેની અન્ય તમામ બાબતો તથા શરતો અને બોલીઓ સરખા ક્રમાંકના તા:૨૦/૧૧/૨૦૨૧ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

આ હુકમનો વિભાગની સરખા ક્રમાકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

KHPandya
(કાનન પંડ્યા)
નાયબ સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ.

**નકલ રવાના:**

(૦૧) માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર.
(૦૨) માન. રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
(૦૩) અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રા.ગૃ.નિ અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૦૪) અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૦૫) સચિવશ્રી(કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખે.ક. અને સ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૦૬) ખેતી નિયામકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
(૦૭) બાગાયત નિયામકશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
(૦૮) ઉપ મહાલેખાકારશ્રી (ઇએસ-૧) એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ (ઇ એન્ડ આર એસ ઓડિટ) ગુજરાત, ત્રીજો માળ, ઓડિટ ભવન, અમદાવાદ.
(૦૯) નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, અમદાવાદ.
(૧૦) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય, બીજ નિગમ લી., ગાંધીનગર.
(૧૧) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત
(૧૨) તમામ સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત
(૧૩) તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત
(૧૪) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., મારફત
(૧૫) સેક્શન અધિકારીશ્રી બ-૧, નાણા શાખા, કૃષિ, ખે.ક. અને સ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૬) સેક્શન અધિકારીશ્રી,આઇ.ટી.શાખા, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર ભાગ, સચિવાલય, ગાંધીનગર, સદર ઠરાવને વેબસાઇટ પર અપલોડ કરવા.
(૧૭) નાયબ સેક્શન અધિકારીશ્રી, સિલેક્ટ ફાઇલ.
(૧૮) સિલેક્ટ ફાઇલ ૨૦૨૨.

www.sarkariyojanaguj.com